BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

પરિપત્ર:

વિષય: ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓએ વેરીફીકેશન કરાવી Approve કરાવવા બાબત.

સંદર્ભ: KCG, અમદાવાદના પરિપત્ર ક્રમાંક કેસીજી/G3Q/૨૦૨૩/૨૫૮૩, તા.૧૬/૦૧/૨૦૨૩.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓ અને રાજ્યના પ્રજાજનો માટે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)" નો શુભારંભ તા.૦૭/૦૭/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ હતો તેમજ "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)"નો ગ્રાન્ડ ફિનાલે તા.૨૧/૧૦/૨૦૨૨ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. આમ, "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)" ના કુલ ૧૧ રાઉન્ડ(વીક)માં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ઇનામની રકમની ચૂકવણી અંગેની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે તેમજ ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q) નું પોર્ટલ (http://g3q.co.in/) તા.૩૧/૦૧/૨૦૨૩ થી બંધ કરવામાં આવનાર છે. ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)માં વિજેતા થનાર વિદ્યાર્થીઓને જે-તે સંસ્થા/કોલેજ દ્વારા વેરીફીકેશન કર્યા બાદ Approved થયેલ વિદ્યાર્થીઓને જ ઇનામની રકમનું ચૂકવણું કરવામાં આવશે જેથી આપની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોમાંથી વિજેતા થનાર વિદ્યાર્થીઓનું સંબંધીત અધિકારી પાસેથી વેરીફીકેશન તથા Approved ની કામગીરી તા.૩૧/૦૧/૨૦૨૩ સુધીમાં અચૂકપણે પૂર્ણ કરવા તેમજ વિજેતા વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

બિડાણ: સંદર્ભ પરિપત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૯૦/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૭/૦૧/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તથા કો-ઓર્ડીનેટરશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ - ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ - ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh

**Knowledge Consortium of Gujarat**
Department of Education, Government of Gujarat

ક્રમાંક: કેસીજી/G3Q/૨૦૨૩/2583 જાન્યુઆરી ૧૬,૨૦૨૩

વિષય: G3Q પોર્ટલ પર તાલુકા અને વોર્ડ કક્ષાના શાળા અને કોલેજ કક્ષાના વિજેતા વિદ્યાર્થીઓનું વેરીફીકેશનની પૂર્ણ કરવા બાબત.

શ્રીમાન,

ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝનું લોન્ચિંગ તા:૦૭/૦૭/૨૦૨૨ના રોજ થયેલ હતું. જેમાં, તાલુકા અને વોર્ડ કક્ષાની ક્વિઝ્ના કુલ ૧૧ રાઉન્ડ(વિક) ઓનલાઈન પોર્ટલ (https://g3q.co.in/) મારફત રમાડવામાં આવેલ હતા. આ કુલ ૧૧ રાઉન્ડમાં વિજેતા થયેલા વિધાર્થીઓને ઈનામની રકમનું ચુકવણું કરવા માટે સબંધિત જિલ્લાની ૩૩ નોડલ કોલેજ(કોલેજ/યુનિવર્સીટી કક્ષાના વિજેતાઓ માટે) તથા ૩૩ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીઓને (શાળા કક્ષાના વિજેતા માટે) કેસીજી દ્વારા અનુદાન ફાળવવામાં આવેલ છે.

આ ઉપરાંત, રાજ્યની તમામ શાળાઓ અને કોલેજો/યુનિવર્સીટીઓને G3Q ઓનલાઈન પોર્ટલ (https://g3q.co.in/) નાં Users -ID & Password પણ આપવામાં આવેલ છે. આ User ID & Password મારફત સબંધિત કોલેજ/યુનિવર્સીટી/શાળા દ્વારા પોતાની સંસ્થાના આ ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ પૈકી વિજેતા વિદ્યાર્થીઓનું વેરીફીકેશન કરી G3Q પોર્ટલ ઉપર Approved/Rejection કરવા માટેની સુચના કેસીજી કચેરી દ્વારા આપવામાં આવેલી હતી. તદઅનુસાર સબંધિત કોલેજ/યુનિવર્સીટી/શાળા દ્વારા પોતાની સંસ્થાના આ ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ પૈકી વિજેતા વિદ્યાર્થીઓનું વેરીફીકેશન થયા બાદ સંબંધિત જીલ્લાની નોડલ કોલેજો તથા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીઓ દ્વારા Approved થયેલા વિજેતા વિદ્યાર્થીઓને ઈનામની રકમનું ચુકવણું કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝનો ગ્રાન્ડ મેગા ફિનાલે તા:૨૧/૧૦/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે. હવે આગામી તા.૩૧/૦૧/૨૦૨૩ નાં રોજ થી ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝનું ઓનલાઈન પોર્ટલ (https://g3q.co.in/) બંધ કરવામાં આવનાર છે. આથી તમામ શાળાઓ અને કોલેજો/યુનિવર્સીટીઓને સૂચિત કરવામાં આવે છે કે પોતાની સંસ્થાના આ ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ પૈકી વિજેતા વિદ્યાર્થીઓનું વેરીફીકેશન કાર્ય તા.૩૧/૦૧/૨૦૨૩ પહેલા પૂર્ણ કરવા જણાવવામાં આવે છે એજ રીતે ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝનાં કુલ ૧૧ રાઉન્ડમાં વિજેતા થયેલા વિધાર્થીઓને ઈનામની રકમનું ચુકવણું કરવા માટે સબંધિત જિલ્લાની ૩૩ નોડલ કોલેજ(કોલેજ/યુનિવર્સીટી કક્ષાના વિજેતાઓ માટે) તથા ૩૩ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીઓને (શાળા કક્ષાના વિજેતા માટે) પણ સબંધિત સંસ્થા દ્વારા Approved થયેલ હોય તેજ વિદ્યાર્થીઓને ઈનામની રકમનું ચુકવણું કરવા અને ચૂકવણાની આ કામગીરી તા.૦૨/૦૨/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરી અત્રેની કચેરીને હિસાબ અને યુટીલાઈઝેશન મોકલી આપવા સૂચિત કરવામાં આવે છે.

આમ, ગુજરાત રાજ્યની તમામ શાળાઓ અને કોલેજો/યુનિવર્સીટીઓને સૂચિત કરવામાં આવે છે કે આગામી તા.૩૧/૦૧/૨૦૨૩ નાં રોજ થી ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝનું ઓનલાઈન પોર્ટલ (https://g3q.co.in/) બંધ કરવામાં આવનાર છે. આથી ત્યારબાદ કોઈપણ વિજેતા વિદ્યાર્થીને ઈનામની રકમનું ચૂકવણું થઈ શકશે નહિ અને તેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

આ ઉપરાંત ગુજરાત રાજ્યની તમામ શાળાઓ અને કોલેજો/યુનિવર્સીટીઓનાં ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ પૈકી વિજેતા વિદ્યાર્થીઓને સૂચિત કરવામાં આવે છે કે આગામી તા.૩૧/૦૧/૨૦૨૩ નાં રોજથી ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)-૨૦૨૨ ક્વિઝનું ઓનલાઈન પોર્ટલ (https://g3q.co.in/) બંધ કરવામાં આવનાર છે. આથી ત્યારબાદ કોઈપણ વિજેતા વિદ્યાર્થીને ઈનામની રકમનું ચૂકવણું થઈ શકશે નહી આથી જે વિજેતા વિદ્યાર્થીઓનું પોતાની સંસ્થા ખાતે Approvel કરાવવાનું બાકી હોય તે વિદ્યાર્થીઓએ પોતાની સંસ્થા ખાતે સંબંધિત અધિકારી પાસેથી Approvel કરાવે તોજ ઈનામો મળવાપાત્ર થશે અને તેની ખાસ નોંધ લેવા વિનંતિ છે.

પ્રો.એ.યુ.પટેલ 16-1-23.
એડવાઈઝર, કેસીજી અને
પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

પ્રતિ,

1. રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટીઓ, ગુજરાત રાજ્ય
2. આચાર્યશ્રી, તમામ કોલેજો (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર) ગુજરાત રાજ્ય
3. તમામ જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય
4. સબંધિત જિલ્લાની ૩૩ નોડલ કોલેજો (કોલેજ/યુનિવર્સીટી કક્ષાના વિજેતાઓ માટે)
5. આચાર્યશ્રી,તમામ શાળાઓ (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર) ગુજરાત રાજ્ય (સબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી મારફત)

જાણ સારૂ :

1. અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુ.રા.
2. સચિવશ્રી,પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, ગુ.રા.
3. ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા
4. ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા
5. અધ્યક્ષશ્રી, જી.એસ. એન્ડ એચ.એસ.ઈ.બી., ગાંધીનગર
6. ઓએસડી(એક્સ્ટેન્શન), કેસીજી
7. ઓએસડી(એકાઉન્ટ અને એડમીન), કેસીજી